# જિજ્ઞેશ શાહ વિરુદ્ધ ષડયંત્ર ઘડાયાનો 'ધ ટાર્ગેટ'માં ઘટસ્ફોટ

મુંબઇ, તા. ૨૯ : બહુ નાની વયે પોતાના બુદ્ધિ કૌશલ્યથી ભારતમાં એક વિશ્વ કક્ષાની બજાર ખડી કરીને ભારતને મુઠ્ઠી ઊંચેરું સ્થાન અપાવનાર એનએસઇએલના જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્ન કક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયો હોવાની વિગત વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહારેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં આપી છે.

શાંતનુ ગુહારેના અંગ્રેજી પુસ્તક 'ધ ટાર્ગેટ'ને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના પગલે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઇ છે. 'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા.

પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં 'એમેઝોન' પર બિઝનેસ અને ઇકોનોમી કેટેગરીમાં બેસ્ટસેલર બની ગયું હતું. લેખક શાંતનુ ગુહારે પ્રશિક્ષિત પત્રકાર છે. તેમણે અનેક સંશોધનાત્મક અહેવાલો તૈયાર કર્યા છે. ગર્ભાશયના મુખના કેન્સર સંબંધે માનવીઓ પર થઇ રહેલા અખતરાની પોલ તેમણે ખોલી છે. તેઓ 'લાડલી' અને 'રામનાથ ગોએન્કા' પુરસ્કારના વિજેતા છે.